# Joint Press Release of the 7th Round of India-China Military Commander-Level Meeting

---

# ભારત-ચીન મિલિટરી કમાન્ડર સ્તરની બેઠકના 7મા રાઉન્ડની સંયુક્ત પ્રેસ રિલિઝ

13 ઓક્ટોબર, 2020

12 ઓક્ટોબરે ચુશુલ ખાતે ભારત અને ચીનના સિનિયર કમાન્ડરો વચ્ચે બેઠકનો 7મો રાઉન્ડ યોજાયો હતો. બંને પક્ષે ભારત-ચીનના સરહદી વિસ્તારોના પશ્ચિમી સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ સ્થાપવા માટે પ્રામાણિક, ઉંડાણપૂર્વક અને રચનાત્મક વિચારોની આપ-લે કરી હતી. તેમનો મત એવો હતો કે આ વાતચીત હકારાત્મક, રચનાત્મક રહી હતી અને તેમાં બંનેની એક બીજા વિશે સમજણ વધી હતી. બંને પક્ષ સૈન્ય અને રાજદ્વારી માર્ગ દ્વારા વાચતીત અને સંવાદ જાળવી રાખવા અને શક્ય એટલી વહેલી તકે પરસ્પર સ્વીકાર્ય હોય તે રીતે પાછળ ખસવા માટે સહમત થયા હતા. બંને પક્ષો બંને દેશના નેતાઓએ કરેલી મહત્ત્વની સમજુતિઓ લાગુ કરવા અને મતભેદોને વિવાદમાં રૂપાંતરિત ન કરવા તથા સરહદી વિસ્તારોમાં સંયુક્ત રીતે શાંતિ જાળવવા સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**13 ઓક્ટોબર, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.